* A A V - 0 0 1 - 0 0 1 2 1 1 1 *

**AAV-001-0012111** **Seat No.** _______

# B. A. (Sem. II) Examination

**April / May - 2016**

## Gujarati

*(Gujarati Vyakaran Sarjan Lekhan Kaushal-II)*

**(Ele. - IV)**

**Faculty Code : 001**

**Subject Code : 0012111**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

સૂચના : (૧) વિભાગ–૧માં M.C.Q. પ્રકારના કુલ વીસ પ્રશ્નો છે. દરેકના ગુણ સરખા છે. દરેક પ્રશ્ન ફરજિયાત છે.

(૨) વિભાગ–૨માં કુલ ચાર પ્રશ્નો છે. દરેક પ્રશ્નના ગુણ અલગ–અલગ છે.

### વિભાગ – ૧

૧ નીચે આપેલા બહુવિકલ્પ પ્રશ્નોના સાચા વિકલ્પ જણાવો. (૨૦)

(૧) વિરામચિહ્નો ભાષામાં ખાસ કરીને લેખમાં ............. ના ભાગરૂપ છે.

(a) ધ્વનિ–વ્યવસ્થા (b) લિપિ–વ્યવસ્થા

(c) યાદચ્છિક – વ્યવસ્થા (d) સાંકેતિક – વ્યવસ્થા

(૨) કહેવતો લોક જીવનનાં ............... રજૂ કરે છે.

(a) ચિંતનશીલ સ્વભાવ (b) અનુભવ અને ડહાપણ

(c) સામાજિક બાબતો (d) ગાંડપણ

(૩) જે સમાસનું પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય અને ઉતરપદ મોટે ભાગે સંજ્ઞા હોય તો તે સમાસને ........... કહી શકાય.

(a) કર્મધારેય (b) દ્વિગુ (c) મધ્યમ પદ લોપી (d) દ્વંદ્વ

(૪) 'નીચેનામાંથી બંધ બેસતા અર્થ સાથેનો કયો રૂઢિપ્રયોગ નથી.

(a) હાથ–ખંખેરવા – પ્રયત્ન છોડી દેવો

(b) હાથ ખેંચી લેવો – પ્રવૃત્તિમાંથી મુકત થઈ જવું

(c) હાથ ફેરો કરવો – ચોરી કરવી

(d) હાથ હેંઠા પડવા – ખુશ થવું

(૫) 'તડ ને ફડ કરી દેવુ' માટે નીચેનામાંથી બંધ બેસતી કહેવત કઈ છે ?

(a) એક ઘાને બે કટકા (b) એક હાથે તાળી ના વાગે

(c) એક થી બે ભલા (d) એક પંથ દો કાજ

(૬) વિરામચિહ્નો ભાષામાં ખાસ કરીને લેખનમાં ........... ના ભાગરૂપે છે.

(a) ધ્વનિ–વ્યવસ્થા (b) લિપિ–વ્યવસ્થા

(c) યાદચ્છિક–વ્યવસ્થા (d) સાંકેતિક – વ્યવસ્થા

(૭) 'કબૂલ કરાવવું' – અર્થ વ્યકત કરતો નીચેનો બંધ બેસતો રૂઢિ પ્રયોગ છે.

(a) ચોટલી મારવી (b) ચોટલી પકડવી

(c) ચોટલી લઈ જવી (d) ચોટલી હાથમાં આવવી

(૮) જે સમાસનું પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય અને ઉત્તરપદ મોટે ભાગે સંજ્ઞા હોય તો તે સમાસને ................ કહી શકાય.

(a) કર્મધારેય (b) દ્વિગુ (c) મધ્યમપદલોપી (d) દ્વંદ્વ

(૯) 'દ્વંદ્વ' શબ્દ માટે નીચેનામાંથી કયો શબ્દ બંધ બેસતો છે ?

(a) સમાસ (b) છંદ (c) અલંકાર (d) કહેવત

(૧૦) અલ્પવિરામની નિશાની કઈ છે ?

(a) , (b) – (c) ! (d) ?

(૧૧) નીચેનામાંથી સર્વપદ પ્રધાન સમાસ કયો છે ?

(a) તત્પુરુષ (b) દ્વન્દ્વ (c) બહુવ્રીહિ (d) ઉપપદ

(૧૨) 'ઋણમુકત' – ઋણમાંથી મુકત – કયો સમાસ છે ?

(a) ઉપપદ (b) બહુવ્રીહિ (c) દ્વન્દ્વ (d) અપાદાન તત્પુરુષ

(૧૩) વાળ વાંક ન થવો' – રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે ?

(a) વાળ વળી જવા (b) ઈજા ન થવી

(c) વાળ આડા પડવા (d) ઈજા થવી

(૧૪) ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરતી વખતે સૌપ્રથમ કઈ બાબત સમજવી જોઈએ ?

(a) ગદ્યખંડનો ભાવાર્થ (b) ગદ્યખંડની ભાષા

(c) ગદ્યખંડનીશૈલી (d) ગદ્યખંડની રીત

(૧૫) કયા સમાસના વિગ્રહ સમયે બે પદ વચ્ચે 'અને' મૂકવામાં આવે છે ?

(a) ઈતરેતરદ્વન્દ્વ (b) તત્પુરુષ

(c) બહુવ્રીહિ (d) ઉપપદ

(૧૬) 'નવરો નખોદ વાળે' –કહેવતનો શું અર્થ થાય છે ?

(a) નવરો માણસ નફો કરે (b) નવરો માણસ નુકસાન કરે

(c) કામઢો માણસ નુકસાન કરે (d) આ ત્રણેયમાંથી એકેય નહીં

(૧૭) સમગ્ર સંક્ષેપલેખન કેવું લાગવું જોઈએ ?

(a) અખંડ (b) ખંડ (c) વિભકત (d) છૂટકછૂટક

(૧૮) અર્ધવિરામની નિશાની કઈ છે ?

(a) ;　　(b) ?　　(c) !　　(d) ,

(૧૯) નીચેનામાંથી અન્ય પદ પ્રધાન સમાસ કયો છે ?

(a) ઉપપદ　　(b) તત્પુરુષ　　(c) દ્વન્દ્વ　　(d) કર્મધારય

(૨૦) 'ખાડામાં ઉતારવું' – રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે ?

(a) ખાડામાં ફેંકી દેવું　　(b) ફાયદો કરાવવો

(c) નફો કરાવવો　　(d) નુકસાન પહોંચાડવું

## વિભાગ – ૨

૨ નીચે આપેલા પરિચ્છેદનો વિચાર વિસ્તાર કરો. (૧૦)

આનંદ એ વસ્તુ જ એવી છે કે એનો અનુભવ લેવા માટે બીજાને નોતરવાથી તે બેવડાય છે. દુઃખોનો સંવિભાગ કરવાથી એની વેદના સહન કરવા જેટલી હળવી થાય છે અને સુખમાં કોઈનો ભાગ પાડવાથી તે બેવડાય છે, ઘણીવાર સાત્ત્વિક બને છે અને એમાંથી સુખથીયે નિરાળો એવો નવો જ આનંદ પ્રાપ્ત થાય છે. સૌને આવા આનંદના સંવિભાગી કેમ કરાવાય ? દરેકનું જીવન અલગ અલગ સ્વતંત્ર વહેણમાં વહે છે. તમામ દુનિયાને કાંઈ આપણે આપણા જીવનના સાથી બનાવી શકવાના નથી. પણ કળા દ્વારા – સાહિત્ય, સંગીત, ચિત્ર, સ્થાપત્યરચના દ્વારા આપણે અસંખ્ય લોકોને આપણા આનંદની ઝાંખી કરાવી શકીએ છીએ, અને જો વિશિષ્ટ જાતની શક્તિ કેળવેલી હોય તો જયાં અસંખ્ય લોકોને આનંદપ્રતીતિ થતી નહોતી ત્યાં આનંદ ગ્રહણ કરવાની શકિત અથવા ક્ષમતા અર્પી શકીએ છીએ. એને જ કલાદષ્ટિ કહે છે.

– કાકા કાલેલકર

અથવા

૨ નીચેની પંકિતનો અર્થવિસ્તાર કરો.

"ઘટમાં ઘોડા થનગને આતમ વીંઝે પાંખ
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ"

૩ નીચેના ગદ્યખંડમાંથી કોઈ એકનું સંક્ષેપીકરણ કરો. (૧૦)

આપણા દેશમાં પરદેશમાંથી મળેલા વિશ્વવિદ્યાલય સાથે દેશના મનનું સંમિલન થઈ શક્યું નથી. ઉપરાંત, યુરોપીય વિદ્યા પણ અહીં બંધિયાર પાણીના જેવી છે, આપણે તેનું ચાલતું ગતિશીલ રૂપ જોવા પામતા નથી. સનાતનત્વ–મુગ્ધ આપણું મન તો બધાની ફૂલચંદનથી પૂજા કર્યા કરે છે. યુરોપની વિદ્યાને આપણે સ્થાવર રૂપમાં પામીએ છીએ એને તેમાંથી વાકયો ચૂંટી લઈને એનું રટન કર્યા કરવું એને જ આધુનિક રીતની વિદ્વત્તા માનીએ છીએ. દેશના સામાન્ય લોકોના બધા મુશ્કેલ પ્રશ્નો, મહત્ત્વની જરૂરિયાતો, અને કઠોર વેદનાને આપણાં વિશ્વવિદ્યાલયો સાથે કશો સંબંધ નથી. અહીં દૂરની વિદ્યાને આપણે જડ પદાર્થની પેઠે વિશ્લેષણ દ્વારા શીખીએ છીએ, સમગ્ર ઉપલબ્ધિ દ્વારા નહીં. આપણે તોડી તોડીને વાકયો ગોખીએ છીએ અને તે ટુકડા કરીને ગોખેલી વિદ્યાની પરીક્ષા આપીને છુટકારો અનુભવીએ છીએ. ટેકસ્ટબુકને વળગેલાં આપણાં મન પરાશ્રિત પ્રાણીની પેઠે પોતાનો ખોરાક પોતે મેળવી લેવાની, પોતે શોધી લેવાની ઈચ્છા ખોઈ બેઠાં છે.

– રવીન્દ્રનાથ ઠાકુર

અથવા

નદીને જો કોઈ ઉપમા આપી શકાય તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદીમાતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલીએ નદીને જ આભારી હોય. સાચે જ નદી એ જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતાં હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ! શહેરનું મેલુ વાતાવરણ કયાં ? અને નદીનું પ્રસન્ન દર્શન કયાં ? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે.

– કાકા કાલેલકર

૪ (અ) બેમાંથી એક સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો. (૦૭)

(૧) કર્મધારય સમાસ

(૨) ઉપપદ સમાસ

(બ) બેમાંથી એક સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો. (૦૭)

(૧) દ્વન્દ્વ સમાસ

(૨) તત્પુરુષ સમાસ

૫ નીચેનામાંથી કોઈ પણ બે લખો : (૧૬)

(૧) નીચેના ગદ્યમાં યોગ્ય જોડણી તથા વિરામચિન્હોનો ઉપયોગ કરી ફરીથી ગદ્ય લખો.

અતે એટલુ કહેવાનુ કે સાહિત્ય પ્રતિબદ્ધ હોય કે અપ્રતિબદ્ધ એ આપણી ઘણી વિસ્મૃતિઓને ઢઢોળે છે નવેસરથી સ્મૃતિ ભાષા પરપરા સાંપ્રત પરિસ્થિતિઓ વચિતો અન્યાય સહન કરનારાઓ સત્તાની ભોગ બનનારાઓ અને સાસ્કૃતિક અન્યોની સાથે આપણો મનુષ્ય તરીકેનો નવો સંબંધ સ્થાપે છે કલાસાહિત્યની અનેકમાર્ગી ધારાઓ આખરે તો આપણી અંદર રહેલા પરતુ કયારેક કયારેક ખોવઈ જતા મનુષ્યની સન્મુખ આપણને લઈ જાય છે

(૨) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી વાકય પ્રયોગ કરો :

(૧) બોલે એના બોર વેચાય
(૨) કોણીએ ગોળ ચોટાડવો
(૩) સામા પાણીએ તરવું
(૪) નાકે દમ આવવો

(૩) નીચેની કહેવતોનો અર્થ આપો.

(૧) સંપ ત્યાં જંપ
(૨) ઊંટનું મોં રણ ભણી
(૩) કાગડા બધે જ કાળા
(૪) ઘરની માને ડાકણ ન કહેવાય

(૪) નીચેની કહેવતોની ખુટતી કડી પુરી કરો.

(૧) ચોરનો ભાઈ ............
(૨) સંપ ત્યાં ..............
(૩) ઉગતા સૂરજ ને ............
(૪) કજીયાનું મોં .............